

# ૧ મારી વહાલી બિલાડી શોધીએ !



## ચાલો, ગાઈએ !


જુઓ, જુઓ, જુઓ
જુઓ મારી વહાલી બિલાડી!



શું તું બેઠી
છે બારી
**ઉપર** ?



શું તું સૂતી છે પલંગ **નીચે** ?
તું ક્યાં છે, મારી વહાલી બિલાડી?



જુઓ, જુઓ, જુઓ
જુઓ મારી વહાલી બિલાડી!
શું તું બેઠી છે દફતરની
**અંદર** ?



શું તું લાલ રેકની **બહાર** છે ?
તું ક્યાં છે, મારી
વહાલી બિલાડી ?






Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

આવ, આવ, આવ,
મારી પાસે આવ, મારી વહાલી બિલાડી !


કોઈવાર તને બરણીની **નીચે** નહોર મારતાં જોઈ,

કોઈવાર તને મોટરગાડી **ઉપર** રમતાં જોઈ.

મારી પાસે આવ, મારી વહાલી **બિલાડી** !







આવ, આવ, આવ,
મારી પાસે આવ, મારી વહાલી બિલાડી
કોઈવાર ટોપીની **ઉપર** કૂદતાં જોઈ.

કોઈવાર સાદડીની **નીચે** જોઈ,
જલદી આવ, મારી વહાલી બિલાડી,
મારી પાસે આવી, મારી વહાલી
બિલાડી!

બાળકોને કવિતા અભિનય સાથે ગાવાનું કહો. બાળકો ચિત્ર જોઈને કહી શકશે કે, તેમણે શું જોયું? બાળકો સમક્ષ વર્ગની કઈ-કઈ વસ્તુઓ ઉપર તેમજ કઈ-કઈ વસ્તુઓ નીચે, અંદર, બહાર વગેરેની ચર્ચા કરો. બાળકોને તેમની આસપાસ જોવા મળતાં પ્રાણીઓ વિશે વાત કરવા માટે પ્રોત્સાહિત કરો. જેમ કે બિલાડી, કૂતરા, ગાય વગેરે.





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## કવિતાનાં ચિત્રો જુઓ અને સાચા શબ્દ ફરતે ગોળ કરો.

ક. લાલ દડો પલંગની **ઉપર/નીચે/અંદર** છે.
ખ. બિલાડી કારની **અંદર/બહાર/ઉપર** છે.
ગ. માણસ વૃક્ષની **નીચે/ અંદર / ઉપર** છે.
ઘ. ગાય ઘરની **અંદર/ઉપર/બહાર** છે.



## વિચારો અને જવાબ આપો

ક. તમે તમારાં પગરખાં ક્યાં મૂકશો ? ઓરડાની **અંદર / બહાર**
ખ. તમે કચરો ક્યાં ફેંકો છો ? કચરાપેટીની **અંદર/બહાર**



## ચાલો રમીએ — વસ્તુઓ શોધો

બાળકોને બે જૂથમાં વહેંચો. એક જૂથ સફેદ ચૉક, લાલ દડો વગેરે જેવી વસ્તુઓ છુપાવશે અને બીજા જૂથને તેને શોધવા માટે કહેશે. બાળકો **અંદર/બહાર, દૂર/નજીક, ઉપર/નીચે** વગેરે જેવા સ્થાનીય શબ્દોનો ઉપયોગ કરીને વસ્તુઓ શોધવા માટે મૌખિક સૂચનાઓ આપી શકે છે.

દાખલા તરીકે :

ક. પાટિયા **પાસે** અને ટેબલ **નીચે** છુપાયેલી સફેદ વસ્તુ શોધો.

ખ. લાલ વસ્તુ શોધો કે જે વર્ગખંડની **બહાર** અને ઝાડ **નીચે** હોય.





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in


## ચાલો રમીએ — દડો ફેંકો !

દરેક બાળક તાકીને દડો ટોપલીમાં ફેંકવાનો પ્રયત્ન કરશે. જ્યારે દડો ટોપલીની અંદર જાય ત્યારે અન્ય બાળકો કહેશે **અંદર** અને દડો ટોપલીની બહાર જાય ત્યારે તેઓ કહેશે **બહાર.**



## ચાલો કરીએ

ક. જે વસ્તુ **અંદર** છે, તેના પર ✓ (ખરાની નિશાની) કરો.





પ્રવૃત્તિ એવી રીતે હાથ ધરવી જોઈએ કે જેથી દિવ્યાંગ બાળકો હોય તો પણ તેમાં સક્રિય ભાગ લઈ શકે. ઉદાહરણ તરીકે, એક દડા પર ઝાંઝર બાંધી શકાય છે અને ટોપલીના અંદરના તળિયાને બહારની સપાટીથી અલગ બનાવી શકાય, જેથી દડો જયારે ટોપલીની અંદર અથવા બહાર પડે ત્યારે અલગથી વિશિષ્ટ અવાજ આવે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

ખ. જે બહાર છે, તેના પર ✓ નિશાની કરો.





ગ. ચિત્ર જુઓ અને સાચા શબ્દો પર ✓ નિશાની કરો.

૧. એક છોકરો ઝાડ **ઉપર/નીચે** બેઠો છે.

૨. પક્ષીઓ ઝાડ **ઉપર/નીચે** હોય છે.



ઘ. નાકની નીચે સ્મિત દર્શાવતો હોઠ અને આંખોની ઉપર ભ્રમર દોરો.





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

ચ. આપણા રાષ્ટ્રધ્વજને જુઓ. તેને તિરંગો પણ કહેવામાં આવે છે. તેમાં કેટલા રંગો છે ?

સાચા વિકલ્પ પર ✓ નિશાની કરો.

૧. તિરંગામાં સૌથી **ઉપર** કયો રંગ છે ?

**સફેદ/કેસરી/લીલો**

૨. તિરંગામાં સફેદ રંગની **નીચે** કયો રંગ છે ?

**ગુલાબી/કેસરી/લીલો**

૩. તિરંગામાં લીલા રંગની **ઉપર** કયો રંગ છે ?

**સફેદ/કેસરી/પીળો**

૪. તિરંગામાં અશોકચક્ર ક્યાં છે ?

**એક ખૂણામાં/વચ્ચે/એક બાજુ પર**




બાળકો સાથે ચર્ચા કરો કે આપણે રાષ્ટ્રધ્વજ ક્યારે, ક્યાં અને શા માટે ફરકાવીએ છીએ. બાળકોને રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી વિશે તેમની લાગણીઓ વ્યક્ત કરવા દો. બાળકોને પોતાનો તિરંગો બનાવવા માટે કહો અને તિરંગા સામે ઊભા રહી રાષ્ટ્રગીત ગાવા માટે કહો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## છુક-છુક કરતી ગાડી ચાલી !

છુક-છુક, છુક-છુક
છુક-છુક કરતી ગાડી ચાલી !
વાંકી-ચૂંકી ગાડી ચાલી (ટેકરીઓ ઉપર અને મેદાનો સુધી)
નદી-ખેતરો થઈને ગાડી ચાલી.
ઉપર જતી, નીચે જતી
ઊભી રહેતી, ચાલવા માંડતી
પર્વત, સમુદ્ર, વરસાદ બતાવતી
આખો દેશ ફેરવીને લાવતી.
આગળ એન્જિન, પાછળ ડબ્બા
કો'ક ડબ્બાના **આગળ** ડબ્બા
કો'ક ડબ્બાના **પાછળ** ડબ્બા
હાલતી-ડોલતી ગાડી ચાલી
છુક-છુક કરતી ગાડી ચાલી !



ક. એન્જિનની **પાછળ** કેટલા ડબ્બા છે?

ખ. લાલ ડબ્બાની **આગળ** કેટલા ડબ્બા છે?

ગ. લાલ ડબ્બાની **પાછળના** ડબ્બાઓમાં **નારંગી** રંગ પૂરો.

ઘ. લાલ ડબ્બાની **આગળના** ડબ્બાઓમાં **વાદળી** રંગ પૂરો.

બાળકોને તેમની રેલગાડીની મુસાફરીના અનુભવો જણાવવા કહો. જે બાળકોએ ક્યારેય રેલગાડીમાં મુસાફરી કરી નથી, તેઓ મુસાફરી વિશે પ્રશ્નો પૂછી શકે છે. 'રેલગાડી કેવી હોય છે' તે વિષય પર વર્ગમાં ચર્ચા થવા દો. તેઓને કાગળ પર રેલગાડી દોરવા માટે અથવા વપરાયેલાં ખોખાં કે દીવાસળીની પેટીઓ જેવી નકામી વસ્તુઓનો ઉપયોગ કરીને રેલગાડી બનાવવા કહો.






Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



## ચાલો, રમીએ !

બાળકો જોડકણું ગાશે અને એકબીજાના ખભા પકડીને રેલગાડી બનાવશે. બધાં બાળકો કહેશે કે, તેમની આગળ કોણ છે અને તેમની પાછળ કોણ છે ?




સુહાની અને રોહિત વસ્તુઓનાં કેટલાંક જૂથ બનાવી રહ્યાં છે.






બાળકોને બીજ, પાંદડાં, મણકાં વગેરે વસ્તુઓનું વર્ગીકરણ કરવા જેવી બીજી પ્રવૃત્તિઓ કરવા દો.






Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ચાલો કરીએ

સુહાનીએ બધાં બટનને ત્રણ જૂથમાં મૂક્યાં છે.



સુહાનીએ આવાં જૂથ શા માટે બનાવ્યાં ?

સુહાની હવે આ બટનનાં અલગ અલગ જૂથ કરવા માંગે છે. તમે ચિત્ર દોરીને તેને મદદ કરો.

## પ્રોજેક્ટ કાર્ય

બાળકોને વર્ગખંડના કબાટને વ્યવસ્થિત કરવા કહો. શિક્ષક બાળકોને સ્થાન સંબંધિત શબ્દો જેવા કે; સૌથી નીચેના ખાનામાં બે વસ્તુઓ મૂકો, સૌથી ઉપરના ખાનામાં એક વસ્તુ મૂકો વગેરે નિર્દેશો આપે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in